## હેરિટેજ રિસ્ટોરેશન નાં વિવિધ કામો નાં જાણકારો ની નોંધણી

અમદાવાદ ને યુનેસ્કો દ્વારા મળેલ વર્લ્ડ હેરિટેજ સિટી ના બિરુદ બાદ હેરિટેજ પ્રત્યે નાગરિકોની સભાનતા ખૂબ વધી છે. આથી હેરિટેજ ના મકાનો ના પદ્ધતિસર રેસ્ટોરેશન માટે અનુભવી અને જાણકાર લોકોને અનુરૂપ કામ મળી શકે તથા આવા કામ કરાવનાર મકાન માલિકોને આવા જાણકારો ની વિગતો મળી રહે તે માટે Ahmedabad World Heritage City Trust દ્વારા નીચે જણાવ્યા મુજબ અલગ અલગ કુલ 8 પ્રકારના નિષ્ણાતો નું રજીસ્ટર બનાવવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

1. લાકડાનું  કોતરણીકામ અને વિવિધ ડિઝાઈનો, જાળીઓ,મોલ્ડિંગ વિગેરેઓરિજિનલ પ્રમાણે કરવાનું કામ
2. ચુના તથા સિમેન્ટ માં વિવિધ ભૂમિતિક ભાતની આકૃતિઓ,મોલ્ડિંગ,STUCCO વર્ક, ઇનલે વર્ક, ફ્રી હેન્ડ ડિઝાઈનો વગેરે ઓરિજિનલ પ્રમાણે કરવાના કામ
3. લોડ બિયરિંગ પ્રકારનું જૂના પારંપારિક ઈંટોના ચણતર, ઇંટોની કમાનો(arch),Jack-arch સ્લેબ, પારંપારિક ઇંટોના સ્લેબ વગેરે નું બાંધકામ તથા રિપેરિંગવગેરે ઓરિજિનલ પ્રમાણે કરવાના કામ
4. પત્થરના સલાટકામ,  ઘડાઈ, કોતરણી કામ તથા પત્થર બેસાડવા, રિસ્ટોરેશન કામ વગેરે ઓરિજિનલ પ્રમાણે કરવાનું  કામ
5. ચુના ના પ્લેન(સાદા) પ્લાસ્ટર, મોલ્ડિંગ પટ્ટા વગેરે ઓરિજિનલ પ્રમાણે કરવાના કામ
6. લાકડાના ફ્રેમ સ્ટ્રક્ચર, ટ્રસ્સTRUSS(કૈચી), પીઢિયાં, બીમ કૉલમ વગેરે ઓરિજિનલ પ્રમાણે બાંધકામ તથા રિસ્ટોરેશન કરવાના કામ
7. સ્ટીલ ફ્રેમ સ્ટ્રક્ચર,RCC ફ્રેમ સ્ટ્રક્ચર, પ્રિકાસ્ટ  તથા 19મી 20મી સદી માં બનેલા લિસ્ટેડ હેરીટેજ મકાનોવગેરે ઓરિજિનલ પ્રમાણે કરવાના કામ
8. જૂની ઇમારતોના વિવિધ ભાગો, ફર્નિચર, સ્ટ્રક્ચર વિગેરે ને કરવામાં આવતી અલગ અલગ પ્રિઝર્વેટિવ ટ્રીટમેંટ વગેરે કરવાના કામ

ઉપરોક્ત મુજબ ના કામના અનુભવી વ્યક્તિ, પેઢી, કંપની, કે ભાગીદારી પેઢી વગેરે પાસેથી અરજીઓ સ્વીકારવામાં આવે છે. અરજી મોકલવા માટે નિયત ફોર્મ આ સાથે મુકેલ છે. અરજી સાથે કરેલ કામ ના સેમ્પલ/ફોટોગ્રાફ તથા ડૉક્યુમેન્ટ પ્રૂફ વિગેરે અરજી સાથે બિડાણ કરવા આવશ્યક છે.  આ કામ કન્સલ્ટન્ટ પ્રકારના કામો માટે નથી. દરેક પ્રકાર ના કામ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

પ્રોસેસિંગ ફી (નોન રિફંડેબલ) પેટે નીચે મુજબ “Ahmedabad World Heritage City Trust” પ્રતિ ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા રોકડા જમા કરવાના રહેશે.

વ્યક્તિગત રજીસ્ટ્રેશન માટે : રૂ : 500/-

કંપની/ પાર્ટનરશીપ ફર્મ/પેઢી માટે : રૂ : 2000/-

---

**નોંધ: હેરીટેજ મકાન માલિકો આ લિસ્ટ મુજબ આપને સંપર્ક કરી શકે તે માટે જ આ અરજીઓ મંગાવવા માં આવેલ છે. સરકારી તથા બિન સરકારી સંસ્થાઓને પણ આ રજીસ્ટર માં નોંધેલા નિષ્ણાતો ની વિગત પ્રાપ્ય રહેશે. તેમજ આ વિગતોને આ.મ્યુ.કો. ની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ કરવવામાં આવશે. રજીસ્ટ્રેશન કરવાથી કામ મળી રહેશે તેની કોઈ જવાબદારી આ ઓફિસ ની રહેશે નહીં. આ રજીસ્ટ્રેશન આપના કૌશલ્ય ને લોક પ્રાપ્ય બનાવવા માટે જ છે.**